# બોર્ડ-નિગમના કર્મચારીઓ આંદોલનના માર્ગે

## ૭મા પગારપંચના અમલ માટે લડતના મંડાણ : પ્રદુષણ નિયંત્રણ બોર્ડની કચેરી ખાતે રિશેષ ટાઈમમાં અધિકારી-કર્મચારીઓએ સરકાર સામે સુત્રોચ્ચાર કરી રોષ વ્યકત કર્યો, કર્મચારીઓ ઓફિસમાં કાળીપટ્ટી ધારણ કરીને કામ કરશે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર સેકટર-૧૦ સ્થિત પ્રદુષણ નિયંત્રણ બોર્ડની કચેરી ખાતે આજે બપોરના રિષેશના સમયે બોર્ડના અધિકારી-કર્મચારીઓએ સાતમા પગાર પંચ મુદ્દે સુત્રોચ્ચાર કરી સરકાર સામે રોષ વ્યકત કર્યો હતો. કચેરીના કર્મચારીઓએ કાળીપટ્ટી ધારણ કરીને ઓફીસની કામગીરી કરી હતી. બોર્ડ-નિગમ અને સરકારી સાહસોના હજ્જારો કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ ન મળતા કર્મચારીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે અને ઉગ્ર લડતનો મોરચો ખોલ્યો છે. જયાં સુધી અધિકારી-કર્મચારીઓને સાતમાં પગાર પંચનો લાભ આપવામાં નહી આવે ત્યાં સુધી ઓફીસમાં કાળી પટ્ટી ધારણ કરીને અધિકારી-કર્મચારીઓ પોતાની કામગીરી કરશે. આ સુત્રોચ્ચારના કાર્યક્મમાં પાસે આવેલી અન્ય બોર્ડ નિગમની કચેરીના કર્મચારી ભાઈ-બહેનો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા.

રાજય સરકારમાં ફરજ બજાવતા અધિકારી-કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ સરકાર દ્વારા આપવામાં આવ્યો છે. પરંતુ રાજયમાં બોર્ડ નિગમો તેમજ સરકારી સાહસોમાં કામ કરતા હજ્જારો કર્મચારીઓને હજુ સુધી રાજય સરકાર દ્વારા સાતમા પગારપંચનો લાભ આપવામાં આવ્યો નથી. સરકારની બેવડી નિતીને પગલે બોર્ડ-નિગમના કર્મચારીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે. બોર્ડ-નિગમ તેમજ વિવિધ સરકારી સાહસોના મહામંડળના અધિકારી-કર્મચારીઓએ સરકાર સામે મોરચો ખોલી ઉગ્ર લડતના મંડાણ કરી દીધા છે.સરકાર સમક્ષ અનેકવાર સાતમા પગાર પંચ મુદ્દે બેઠકો યોજાઈ છે.તા.૧૫ માર્ચ સુધી સકારાત્મક અભિગમની પણ આશા કર્મચારીઓને હતી.



પરંતુ હજુ સુધી સરકાર તરફથી હકારાત્મક અભિગમ નહી આવતા કર્મચારીઓ નારાજ થયા છે. ત્યારે આજે ગાંધીનગર પ્રદુષણ નિયંત્રણ બોર્ડની કચેરી ખાતે પાણી પુરવઠા ગટર વ્યવસ્થા બોર્ડ, મેરીટાઈમ બોર્ડ ના અધિકારી-કર્મચારીઓ હાજર રહીને કાળીપટ્ટી ધારણ કરીને સુત્રોચ્ચાર કરીને સરકાર સામે રોષ ઠાલવીને ઉગ્ર લડતના મંડાણ કરી દીધા છે. જયાં સુધી સરકાર તરફથી સાતમા પગાર પંચનો લાભ નહીં આપવામાં આવે ત્યાં સુધી બોર્ડ-નિગમ અને સરકારી સાહસની તમામ કચેરીના અધિકારી-કર્મચારીઓ કાળી પટ્ટી ધારણ કરીને ઓફિસની કામગીરી કરશે. પ્રદુષણ નિયંત્રણ કચેરી ખાતે આયોજીત સુત્રોચ્ચાર કાર્યક્રમમાં મોટીસંખ્યામાં અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહીને રોષ વ્યકત કર્યો હતો. આગામી સમયમાં પણ કર્મચારીઓની સાતમા પગારપંચ મુદ્દે લડત ચાલુ રહેશે તેમ પ્રદુષણ બોર્ડ કર્મચારી મંડળના પ્રમુખ વિજયસિંહ વાઘેલાએ જણાવ્યું હતું.

## મુખ્યમંત્રી કાર્યાલય સામે આત્મવિલોપનની ચીમકી આપનાર શખ્સની અટકાયત

ગાંધીનગર, તા. ૧૬

હિજરતી જાહેર કરાયેલ ગીર-સોમનાથ જિલ્લાના આંકોલવાડી ગામના પિયુષ સરવૈયાએ પુનઃ સ્થાપન કરવામાં વહીવટીતંત્ર નિષ્ફળ ગયાના આક્ષેપ સાથે આત્મવિલોપનની ચિમકી આપતા ગાંધીનગર એસઓજી પોલીસ દ્વારા પિયુષ સરવૈયાની ગાંધીનગરના ચ-૩ રોડ પરથી આજે બપોરના સુમારે અટકાયત કરી લેવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ ગીર-સોમનાથના આંકોલવાડી ગામના પિયુષ સરવૈયા અગાઉ જે ગામમાં રહેતા હતા તે ગામમાં તેમનુ ઘર સળગાવી દેવામાં આવ્યુ હતુ. સરકાર દ્વારા તેમને ગામમાં જેટલી જમીન હતી તેટલી જમીન અને ઘર માટે જમીન આપવામાં આવી હતી પરંતુ જે ઘરની જમીન સરકાર દ્વારા આપવામાં આવી છે તેમાં પાણી ભરાતુ હોવાથી ખેતીલાયક જમીનમાં તેઓએ ઘર બાંધવા માટે મંજુરી માંગી હતી. જે અંડર પ્રોસેસ છે. પરંતુ પિયુષ સરવૈયાએ પુનઃ સ્થાપન કરવામાં વહીવટીતંત્ર નિષ્ફળ ગયાનો આરોપ તેમણે કર્યો હતો. અને ચિમકીને પગલે પિયુષને આજે બપોરના સુમારે પોલીસે ચ-૩ પાસેથી તેની અટકાયત કરી લેવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે પિયુષ સરવૈયા ગત તા. ૪ થી ઘરેથી ગુમ હતો. તેની ગુમ થયાની ફરિયાદ પણ તેના પિતાએ સ્થાનિક પોલીસમાં આપી હતી, તેમ અંતરંગ સૂત્રો દ્વારા જાણવા મળ્યુ છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




મમ્મી.. હું પછી વાંચીશ, તુ જોને કે... હું બરાબર લાગુ છુ...? એક્ઝામ હોલમાં આ વખતે કેમેરા લગાડવાનાં છે...!!

## ગાંધીનગર મહાનગર ભાજપના ઉપપ્રમુખ તરીકે યુવા અગ્રણી ઉરેન પટેલની વરણી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૭ ખાતે રહેતા યુવા અને ઉત્સાહી અગ્રણી વેપારી ઉરેન પટેલની ગાંધીનગર મહાનગર ભાજપ ઉપપ્રમુખ તરીકે વરણી કરાઈ છે. ઉરેન પટેલે યુવાન વયથી જ જાહેર જીવનમાં કામગીરીનો પ્રારંભ કર્યો છે. હંમેશા હસતા રહેતા અને સાલસ સ્વભાવના ઉરેનભાઈ અનેક સેવાભાવી સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. તેઓ ગાંધીનગર મહાનગર ભાજપ યુવા મોરચાની જવાબદારી પણ ખુબ સુંદર રીતે નિભાવી ચૂક્યા છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા ખુબ



વિશ્વાસથી તેમના તેમના શિરે ગાંધીનગર મહાનગરના ઉપપ્રમુખ તરીકેની જવાબદારી સોંપવામાં આવેલ છે. તેને તેઓ યોગ્ય રીતે પરિપૂર્ણ કરશે. ભાજપના હોદ્દેદારો અને કાર્યકરોમાં ઉરેન પટેલ લોકલાડીલા હોવાથી ઉપપ્રમુખ બનતા ચારેકોરથી શુભેચ્છાઓ આવી રહી છે. ઉરેન પટેલ અન્નપૂર્ણાધામ અડાલજના ટ્રસ્ટી, ગાંધીનગર કોમ્પ્યુટર એસોસિએશનના પ્રમુખ તેમજ ગાંધીનગર જિલ્લા લેઉવા પાટીદાર સમાજના મહામંત્રી સહિત અનેક નામી-અનામી સંસ્થાઓ સાથે તેઓ સંકળાયેલા છે.



## ડભોડા હોમગાર્ડ યુનિટના જવાનનું રેન્ક એનાયત દ્વારા સન્માન

તાલુકાના ડભોડા ખાતે આવેલ હોમગાર્ડ યુનિટ ખાતે હોમગાર્ડ જવાન રૂપસિંહ પુંજાજી યાદવને પ્લાટુન સાર્જન્ટ તરીકે બઢતી આપવામાં આવતા તેઓને રેન્ક એનાયત કરવાનો કાર્યક્રમ યોજાયો હતો તથા ગાંધીનગર જિલ્લા તાલીમ કેમ્પમાં થ્રી નોટ થ્રી રાયફલ જે.પી. સોલંકી પ્રથમ નંબરે આવ્યા હોવાથી તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં યુનિટના સભ્યોએ હરહંમેશ રાષ્ટ્રીય કાર્યમાં માનદસેવામાં જોડાઈ અને નિયમિત સેવાકીય કાર્યો બજાવવાની શુભેચ્છા ડભોડા હોમગાર્ડ યુનિટના અધિકારી દશરથસિંહ એમ. પરમાર તથા ગામના સરપંચ તખીબેન એચ. સોલંકી દ્વારા પાઠવવામાં આવી હતી.

## ભૂસ્તર વિજ્ઞાન-ખનિજ ખાતામાં ટૂંકમાં જ ભરતી

ગાંધીનગર, તા.૧૬

વિધાનસભા ખાતે ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતામાં મહેકમ અંગેના પ્રશ્નના પ્રત્યુત્તરમાં મંત્રીએ કહ્યું કે, ભુસ્તર વિજ્ઞાન-ખનિજ ખાતામાં વર્ગ-૧થી વર્ગ-૪ની ૮૭૧ જગ્યાઓનું મહેકમ મંજુર કરાયુંછે તેપૈકી કેડરોમાં ૩૭૨ જગાઓ ભરાયેલી છે, ૪૯૯ ખાલી જગ્યાઓ છે. વર્ગ-૧ અને વર્ગ-૨ની ખાલી જગાઓ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા વર્ગ-૩ની ખાલી જગાઓ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરવાની કાર્યવાહી ચાલુ છે.



પોસ્ટ વિભાગના કર્મચારીઓએ પણ આજે પોતાના પડતર પ્રશ્નો અંગે સરકાર તરફથી હકારાત્મક અભિગમ નહી આવતા સુત્રોચ્ચાર કરી વિરોધ નોંધાવ્યો હતો. કર્મચારીઓની મુખ્ય માંગણીઓમાં સાતમું પગાર પંચ તેમજ ન્યું પેંશન સ્કીમ સ્કેપ કરીને રેગ્યુલર પેંશન આપવું, પાંચ ટકા ઈન્ક્રીમેન્ટ આપવું, પ્રમોશન વખતે બે ઈન્ક્રીમેન્ટ આપવા, દર પાંચ વર્ષે પે રીવીઝન પ્રમોશનમાં, કેશલેસ મેડીકલ ફેસીલીટી આપવી સહિતનો સમાવેશ થાય છે.

# નલિયાકાંડ મામલે તપાસ સમિતિની અંતે રચના થઈ

### તમામ દોષિતો સામે કઠોર પગલાં લેવાશે : કોલ ડિટેલ્સમાં પણ ચકાસણી હાથ ધરાશે : પ્રદિપસિંહ જાડેજા

ગાંધીનગર, તા.૧૬

સમગ્ર રાજ્યને હચમચાવી મુકનાર અને સરકારને ભીંસમાં લેનાર નલિયાકાંડ મામલે પ્રદિપસિંહ જાડેજાએ કહ્યું છે કે, નલિયાકાંડમાં સંડોવાયેલા તમામ આરોપીઓ સામે પગલા લેવામાં આવશે. કોઈપણ નેતા હશે તમામ કસુરવારો સામે કડક કાર્યવાહી થશે. આ તમામ લોકોની કોલ ડીટેલ્સ પણ ચેક કરવામાં આવશે. તેમણે માહિતી આપી હતી કે, નલિયાકાંડમાં તપાસ સમિતિ નિમવામાં આવી છે. રિટાયર્ડ જજ જેએલ દવેના વડપણમાં સમિતિ નલિયાકાંડની તપાસ કરશે. અગાઉ વિધાનસભામાં વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા નલિયાકાંડના મુદ્દે હાઈકોર્ટના સીટીંગ જજના નિરીક્ષણ હેઠળ તપાસ થવી જોઈએ તેવી તેમની માંગણીને ઉઠાવતા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ દરમિયાનગીરી કરી હતી. મુખ્યમંત્રીએ નલિયાકાંડમાં બાપુ કહેશે તેમ કરીશું તેવી ખાતરી આપતા કોંગ્રેસે વિરોધ પડતો મુકી કામગીરીમાં ભાગ લીધો હતો.

## દુઃખદ અવસાન

મૂળ ભાવનગરના વતની અને હાલ અમદાવાદ ખાતે સ્થાયી થયેલ વડનગરા નાગર મૃગેન્દ્રભાઈ (મસ્તરામભાઈ) યોગેન્દ્રરાય મહેતાનું તા. ૧૫મી માર્ચ ૨૦૧૭ના રોજ દુઃખદ અવસાન થવા પામ્યુ છે. સદ્ગતની પ્રાર્થનાસભા તા. ૧૭મી માર્ચ ૨૦૧૭ શુક્રવારે સાંજે ૫ થી ૭ વાગ્યા દરમ્યાન અમદાવાદના વસ્ત્રાપુરમાં અંધજન મંડળ ખાતે યોજવામાં આવેલ છે.

## જાહેર હરાજી

વિદ્યુત શુલ્ક સમાહર્તા તથા સચિવશ્રી લાયસન્સીંગ બોર્ડ બ્લોક નં. ૧૮, ૭મો માળ તથા બ્લોક નં. ૧૭, ૭મો માળ, ઉદ્યોગ ભવન ખાતે આવેલ કચેરીઓનું રીનોવેશનની કામગીરી થનાર હોઈ કચેરીઓની લોખંડ તથા લાકડાની ખુરશીઓ, ટેબલ, નાની-મોટી લોખંડની તેમજ લાકડાની તિજોરીઓ તથા લોખંડના ઘોડાઓ જાહેર હરાજીથી વેચવાના હોઈ રસ ધરાવતા ઈજારદારોએ વિદ્યુત શુલ્ક સમાહર્તાની કચેરીએ તા. ૨૩/૩/૨૦૧૭ના રોજ બપોરના ૧૨.૦૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવે છે. જાહેર હરાજીમાં તળિયાની કિંમત કરતા ઓછો ભાવ આવશે તો જાહેર હરાજી રદ કરવાની સત્તા અબાધિત રાખવામાં આવશે.

**સ્થળ : ગાંધીનગર** **સહી/-**
**તા. ૧૪/૩/૨૦૧૭** **મુખ્ય હિસાબી અધિકારી**
**વિદ્યુત શુલ્ક સમાહર્તાની કચેરી, ગાંધીનગર**
**માહિતી/૨૯૮૨/૧૬-૧૭**

